# જ્ઞાતિમૈયા

**જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર**

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૬૧ • તા. ૧૦ મે થી ૧૬ મે ૨૦૨૫

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.



# મુંબઈમાં યોજાયેલ Waves Summit 2025માં જ્ઞાતિના સ્મિત લોડાયાને સિલ્વર ટ્રોફી એનાયત

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member





# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (W), Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.




# સુખ અને દુઃખ એ સ્વભાવની અવસ્થા

સુખ અને દુઃખ જીવનમાં વણાયેલા તત્વો છે. જે એકબીજા સાથે એટલા બધા ગાઢ જોડાયેલા છે. જે કદી કોઈ કાળે કોઈનાથી અલગ પાડી શકાતા નથી. દુઃખ એટલે આપણે આપણા સંબંધો પર રાખેલી અપેક્ષાઓ. જે આપણી કલ્પના મુજબ સાકાર ન થાય એટલે દુઃખ લાગે અને જો અનુકુળ રીતે આપણાને મનગમતી રીતે અપેક્ષાઓ પૂર્ણ થતી જાય એટલે એ સુખને સુખ માત્ર લાગે. અપેક્ષાની શરૂઆત થાય પણ એ ક્યાંય વિરામ ન લે અને અવિરત આગળ વધતી રહે છે. આ લોભને લાલચની અવસ્થા છે. જે ન ક્યાંય વિરામ લે કે ન બે ઘડી જંપવા દે. સામેવાળા જ્યારે આપણી અપેક્ષાની વિરૂધ્ધ કંઈ કરે એટલે આપણે દુઃખી થઈ જઈ એ છીએ. સુખી કે દુઃખી થવાનો આ શોર્ટકટ બીજાની આધારિત છે. એટલે આપણા સુખની કે આપણા દુઃખની ચાવી અન્ય પાસે છે. આ કેવી પરવશ અવસ્થા? કોઈની પર અપેક્ષાની લાગણી રાખવી એ બહુ મોટી જવાબદારી આપણે અન્ય પર રાખી દઈએ છીએ. જે એ બોજ ઉઠાવવા કાબેલ છે, સશક્ત છે એ આપણે જોતા નથી.

અન્ય લોકો આપણી વિષે શું વિચારશે, શું કહેશે એનો વિચાર આપણને માટે અગત્યનો હોય છે. એ જ નજર સમક્ષ રાખી આપણો વ્યવહાર થાય છે. જે ચિંતા કે ખુશીનો કારણ બને છે. લોકો આપણા વિષે શું વિચારતા હશે એનાથી આપણને ઘણો ફરક પડે છે. જ્યારથી આ આધારભૂત હકીકત બદલાશે ત્યારે આપણા દુઃખી થવાનો અડધો ભાગ ઓછો થઈ જશે. આપણા દુઃખનું અન્ય એક મુખ્ય કારણ એ છે કે આપણે કોઈને માફ નથી કરતા. જેણે કર્યું, જે કહ્યું કે જેણે કર્મ આચર્યું એ ભૂલીને આપણે વિશાળ મન રાખી, ઉદારતાપૂર્વક એને વિસારે પાડી દઈએ. સામેવાળો માફી માંગે કે ન માંગે આપણે સફેદ ઝંડી ઊંચી કરી સુલેહતાપૂર્વક વ્યવહાર રાખીએ. આ સંબંધ સુધરવાનો પ્રથમ સોપાન થઈ રહેશે.

આપણી હેસીયત સુખને બરાબર ઝીલીને તેને આવકારીએ છીએ. તેને ખભે ઊંચકીને સડસડાટ દોટ કાઢીએ છીએ. પણ નજીવા જેવા દુઃખનો બોજો અસહ્ય લાગે છે. આપણા ઉપર કોઈ દુઃખની છાયા, પડે તો પણ આપણને લાગે છે કે આખા વિશ્વનો ભાર આપણા ખભા ઉપર પડી ગયો છે. દુઃખોના પહાડ આપણી પર તૂટી પડ્યાં છે એવો દર્દ, એવો અહેસાસનો અનુભવ થાય છે પણ હકીકતમાં મુસીબતો જ આપણને પરિપક્વ બનાવે છે. તે જ આપણને ધૈર્ય રાખવાનું, હોંસલો રાખવાનું અને દર્દ, દુઃખને કે અણધાર્યા વિપરીત સંજોગોને ન ગણકારવાની શીખને સમજણ આપે છે.

પદ, પ્રતિષ્ઠા, પૈસા કે અનુકુળ પરિસ્થિતિ સુખી થવાની ખાતરી આપતા નથી પણ સુખ તો સમજણથી મળે છે. સમતા, અને સક્ષમતા, સમજણ અને શાલીનતાના ઉપયોગથી આપણો દ્રષ્ટિકોણ સુખી કે દુઃખી થવાની દ્રષ્ટિ કેળવે છે. બાકી બીજા કોઈનું ગજું નથી કે આપણને સુખી કે દુઃખી કરી શકે. આમ આપણે સુખી થઈ એ કે દુઃખી થઈએ માટે અન્યો નહીં પણ આપણે જ જવાબદાર હોઈએ છીએ. આપણો સ્વભાવ, આપણો દ્રષ્ટિકોણ અને આપણા વિચાર આચારની તરેહ જ આ માટે કારણભૂત છે.

– જય જ્ઞાતિમૈયા

# સંઘર્ષથી સફળતા મળે છે

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

દરેક વ્યક્તિની ઈચ્છા સફળ થવાની હોય છે. સફળતાથી જીવન જીવવાનું બળ મળે છે. ઉત્સાહ વધે છે અને પ્રતિષ્ઠા મળે છે અને નવું કંઈક વધુ કરવાની જિજ્ઞાસા થાય છે. પણ એટલું ધ્યાન રાખવું જરૂરી છે કે સફળતાના શિખરે પહોંચવા વ્યક્તિને ઘણી બધી નિષ્ફળતાઓનો સામનો કરવો પડે છે. નિષ્ફળતાએ સફળતા તરફ જવાની આધારશિલા છે. જેમ સીડી ચડવા પ્રથમ પગથિયું ચડવું પડે છે. એટલે પ્રથમ પગથિયાનું વિશેષ મહત્વ છે. તેવી જ મહતા નિષ્ફળતાની છે જે સફળતા તરફ દોરી જાય છે.

સફળતા સુધી પહોંચવામાં વ્યક્તિને ઘણી વિપરીત પરિસ્થિતિઓનો સામનો કરવો પડે છે. સંઘર્ષ કરીને મુશ્કેલીઓ સામે લડીને તેમાં કામયાબ થવું પડે છે. સફળતા તરફ જતા માર્ગમાં એકાગ્રતા, સાહસ, ધૈર્યતા, વિવેકતા અને સહનશીલતાના ગુણો જાળવવા પડે છે અને આ સદ્‌ગુણો આગળ વધવા માટેની પ્રેરણા પૂરું પાડે છે. કોઈપણ વ્યક્તિ કશું કર્યા વિના મહાન કે પ્રતિષ્ઠાવાન બની શકતી નથી. મહાનતા આપોઆપ મળતી નથી. મહાન થવા માટે પોતાની જાત સહિત અન્ય પરિબળોમાં ઘણો સંઘર્ષ કરવો પડે છે અને એના પર જીત મેળવવી પડે છે.

સંઘર્ષ એટલે જીવનના સતત ઉતાર ચડાવ સફળતા સાથે સંઘર્ષ ખતમ થઈ જવો ન જોઈએ. સંઘર્ષ વગર ક્યારે સફળતા મળતી નથી અને સતત સંઘર્ષ વગર ક્યારેય સફળતા ટકતી નથી. સફળતા માટેનો સંઘર્ષ સતત કરવો પડે છે. બાકી કિસ્મતના બળે હવામાં તલવાર વિંઝાય છે. અપવાદ રૂપે કિસ્મત અકસ્માત અને સટ્ટામાં જ કામ લાગે. આજનો દરેક સંઘર્ષ એ આવતી કાલ સિધ્ધિનું કારણ બનવાનું છે. સંઘર્ષ જેટલો વધુ આકરો હશે જીત પણ એટલી વધારે જોરદાર અને ઝળહળતી હોવાની. આપણી સફળતા જો બીજાઓને માટે પ્રેરણા બને તો એ સફળતા સાચી અને સિધ્ધિ ભરી. મગજ પર બરફ જીભ પર મધની મીઠાશ અને હૃદયમાં પ્રેમ હોય તો સફળતા અચુક મળવાની જ. કોઈ વ્યક્તિને હરાવી નીચી પાડવી એ સફળતા નથી. કોઈ વ્યક્તિને સન્માન આપી જીતી લેવી એ જ સાચી સફળતા છે.

કોઈ જ્ઞાનીજનએ ખરું કહ્યું છે કે કોઈને તમારી હાજરી ખટકે તો એ તમારી નિષ્ફળતા છે. પરંતુ કોઈને તમારો અભાવ ખટકે તો એ તમારી સફળતા છે. ઝનૂન હોવું જરૂરી છે. નિષ્ફળતાનો બોજ દુઃખદાયક છે પણ એથી વધુ દુઃખ દાયક સફળતાનો અહમ થાય એ છે.

જીવનમાં કંઈ પણ કરવું હોય તો આપણામાં રહેલી આંતરિક શક્તિ પ્રબળ હોવી જરૂરી છે. જેથી સફળતાના દ્વારો મોકળા રહે છે. આત્મવિશ્વાસના બળે જ ન કલ્પેલા કાર્યો પણ સરળતાથી સાર્થક થાય છે. દરેક વ્યક્તિમાં આત્મવિશ્વાસના સંદર્ભે વ્યાખ્યા જુદી જુદી હોય છે. કોઈક જણ મોટા મોટા કાર્યો પણ સરળતાથી કરી જાય છે. જ્યારે અન્ય વ્યક્તિ નાના કાર્યો પણ આત્મવિશ્વાસના અભાવના કારણે કરી શકતી નથી. સફળ બનવા માટે એક મહત્વની બાબત એ છે કે જ્યારે તેને પોતાના સફળ હોવા પર પૂર્ણ શ્રધ્ધા હોય અને સંઘર્ષ સામે લડવાની અખૂટ તાકાત હોય.


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# જ્ઞાતિજનોને આહ્વાન

**આપણી જ્ઞાતિની વિરાસત ભવિષ્યમાં સચવાયેલી રહે સાથો સાથ આજની પેઢીને આપણી જ્ઞાતિની સંસ્કૃતિ-સંસ્કાર અને વિરાસતની આધારભૂત માહિતી મળે એ જરૂરી છે. જે માટે સમસ્ત મહાજન દ્વારા જ્ઞાતિ ગ્રંથનું સંકલન કરવાનું આયોજન છે. જે માટે માહિતી સંકલિત કરાઈ રહી છે.**

જ્ઞાતિના સૌ મહાજનો/સંસ્થાઓ/વ્યક્તિઓ સૌને જણાવવાનું કે આપની પાસે આપણી જ્ઞાતિ વિષેની માહિતી, વિગત, જાણકારી હોય તે લખીને ફોટા સાથે ઈમેઈલ **kdogranth@gmail.com** ઉપર મોકલવા વિનંતી

અથવા

**શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન કેડીઓ મીડિયા સમિતિ**

બી-૩, કૃષ્ણ કુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, વાલજી લધ્ધા રોડ, વિકાસ પ્લાઝોની પાસે, મુલુંડ(વેસ્ટ).

**વધુ વિગત માટે સંપર્ક**

**98690 05403 / 98330 72879**

# મુંબઈમાં યોજાયેલ Waves Summit 2025માં જ્ઞાતિના સ્મિત લોડાયાને સિલ્વર ટ્રોફી એનાયત




હાલમાં મુંબઈમાં યોજાયેલ Waves Summit 2025માં ફિલ્મજગતના સુપ્રસિદ્ધ ફિલ્મ અભિનેતા આમીર ખાન તેમજ સંજય જાજુ (Secretary of Information & Broadcasting ministry)ના વરદ્ હસ્તે મૂળ ગામ રાપરગઢવારી, હાલે મુંબઈના કીર્તિ પ્રેમજી લોડાયાના પૂત્ર સ્મિત કીર્તિ લોડાયાને (Ad spend optimizer Hackathonમાં theorize on AI Driven Ad Delivery & Optimization Model in realtime) માટે સિલ્વર ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. ૧૨૫ ટીમ અને ૬ ફાઈનલીસ્ટમાં સીલેક્ટ થવા બદલ સ્મિતને અભિનંદન.






Waves Summit 2025માં સ્મિતને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી, મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડણવીસ તથા ઉપમુખ્યમંત્રી શ્રી એકનાથ શિંદેને પોતાના પ્રોજેક્ટની માહિતી આપવાનો મોકો પણ મળ્યો હતો. આ સિદ્ધિ એના માટે જ નહીં પરંતુ આખા પરિવાર તેમજ જ્ઞાતિ માટે ગૌરવની ક્ષણ છે.

સ્મિતના મમ્મી-પપ્પા - શ્રીમતી પલ્લવી કીર્તિ લોડાયા, દાદી પ્રેમિલાબેન પ્રેમજી લોડાયા (રાપરગઢવાળી), નાની મંજુલાબેન મૂલજી મૈશેરી (કોઠારા) છે.

સ્મિત જીવનમાં ખૂબ પ્રગતિ કરે એ શુભકામના.

# શ્રી ક.દ.ઓ. જૈન મહાજન ગાંધીધામ દ્વારા તૃતીય સ્વમાન લગ્ન યોજાયું



# શ્રી ક.દ.ઓ. જૈન મહાજન ગાંધીધામ દ્વારા તૃતીય સ્વમાન લગ્ન યોજાયું



















# શ્રી ક.દ.ઓ. જૈન મહાજન ગાંધીધામ દ્વારા તૃતીય સ્વમાન લગ્ન યોજાયું

વૈશાખ સુદ બીજ મંગળવાર વિક્રમ સવંત ૨૦૮૧ તા.૨૯/૦૪/૨૦૨૫ ના શુભ દિને, ગાંધીધામ નગરે શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન ગાંધીધામના નેજા હેઠળ ભવ્યાતિ ભવ્ય તૃતીય સ્વમાન લગ્નોત્સવનું આયોજન કેડીઓ ભવનના પ્રાંગણ કરવામાં આવેલ.

જેમાં શ્રીમતી મીનાબેન દિલીપભાઈ રાયચંદ મોમાયા સાયરા-આદીપુરના સુપુત્ર ચિ. જય અને ચિ. મોનીકા તે ગ.સ્વ. સોનલબેન જયેશ લક્ષ્મીચંદ ગોસર, ગોએરસમા, હાલે વિકરાબાદવાળાની સુપુત્રી  સાથે ધામધૂમથી ઉજવવામાં આવ્યું.

મહોત્સવની શુભ શરૂઆત કન્યાપક્ષના સ્વાગતથી કરવામાં આવી. કન્યાપક્ષે જાનનો સત્કાર કળશથી કર્યો. લીલા તોરણે વરવધુ એ વરમાળા પરસ્પર આરોપણ કરી, સાસુમા એ વરરાજાને પોંખી જાનને આવકારી. સર્વે જાનૈયા-માનૈયાનું સ્વાગત ઠંડા-પીણાં અને ગરમાગરમ નાસ્તાથી કરવામાં આવ્યું

બરોબર ૧૧.૩૯ ના શુભ મુહર્તે હસ્ત  મેળાપ વિદ્વાન મહારાજ શ્રી મયૂરભાઈ વ્યાસે કરાવી લગ્ન વિધિ સંપન્ન કરાવેલ.

આ દરમ્યાન મધુર લગ્ન ગીતોની સૂરાવલી  શ્રીમતી નીતાબેન ખુશાલ દંડ, શ્રીમતી જલ્પાબેન ગીતેન ધરમશી, શ્રીમતી મનીષાબેન લહેરચંદ લાપશીયા અને શ્રીમતી અંજલબેન મયૂર ધરમશી એ રેલાવી.

ઢોલ અને અન્ય વાદ્યો પર ક્રીશ દિપેશ મૈશેરી એન્ડ પાર્ટી જમાવટ કરી હતી. સુમધુર ભોજનની વ્યવસ્થા પ્રતિક કેટરર્સ ના શ્રી પ્રતિકભાઈ શિયાલે સંભાળી હતી. ફોટોગ્રાફી શ્રી ઋષભભાઈ નાગડા દ્વારા કરવા આવી હતી.

મહાજન દ્વારા નવદંપતિને લગ્ન પ્રસંગે પ્રતિક ભેટ આપી શુભેચ્છા વ્યકત કરવામાં આવી. લગ્ન ગીતો માટે માનદ સેવા આપનાર બહેનોનું મહાજન દ્વારા સન્માનવામાં આવેલ.

કાર્યક્રમનું સંચાલન અને સ્વાગત પ્રવચન કેતન લોડાયા એ કર્યું હતું. મહાજન પ્રમુખ શ્રી લહેરચંદ ખોના એ નવદંપતીને આર્શીવચન આપ્યા હતા

સમગ્ર મહોત્સવની વ્યવસ્થા કેતનભાઈ લોડાયા અને અનિલભાઈ નાગડા સાથે મહેશભાઈ લાલકા, ગીતેનભાઈ ધરમશી, વસ્તુપાલ નાગડા, જેશલભાઈ જૈન, રાજેશભાઈ મૈશેરી, મિતેશભાઈ મોતા, અનિશભાઈ લોડાયા વગેરે એ સંભાળેલ.

આ લગ્ન મહોત્સવની વિશેષતા એ છે કે દોડ ભાગના વ્યસ્ત સમયમાં વર-વધૂ બંને પક્ષે વાડી, મંડપ, મહારાજ, ગીત-સંગીત, ૨૫૦ જણાનું જમણવાર, એટલીજ મંડપમાં બેઠક વ્યવસ્થા અન્ય આનુસંગિક વ્યવસ્થાઓ મહાજન સંભાળે છે.

ગાંધીધામ મહાજન સ્વમાન લગ્નમાં શક્ય કેડીઓ સમાજને પ્રાધાન્ય આપી અને B2B મળી રહે તેવા પ્રયાસ કરે છે.

સૌથી વિશેષતો એ છે કે લગ્ન તારીખ તમારી ઈચ્છા મુજબની હોય છે. જેના માટે તમને મહાજનને જાણ કરવાની હોય છે. આ સમગ્ર મહોત્સવ રૂપિયા પંચોતેર-પંચોતેર હજાર બંને પક્ષે આપવાનાં રહે છે અને સમગ્ર જવાબદારી મહાજન સંભાળે છે.

સર્વેજન્ય હિતાયે સર્વે જન્યે સુખાયે. જય જ્ઞાતિમૈયા


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# પ.પૂ.સાધ્વીશ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા. સંયમ જીવનના ૫૮મા વર્ષમાં પ્રવેશ કર્યો



વિક્રમ સંવત ૨૦૨૪ વૈશાખ સુદ ૭ તિથિ દિને કોઠારા-સાંયરાના માવિત્ર માતુશ્રી લક્ષ્મીબેન લખમશીભાઈ રતનશીભાઈ દંડના ધર્મ સંસ્કારી ગુણિયલ સુપુત્રી સંયમ જીવન પથે વિચરણ કરવાના મનોરથ મનમાં લઈને મોટા આસંબિયા નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા સ્વીકારી ગુરૂમૈયા પ.પૂ.સાધ્વીશ્રી ચારૂલતાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે નૂતન નામ પ.પૂ.સાધ્વીશ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા. ધારણ કરી સંયમ જીવન પંથનો પ્રવાસ શરૂ કર્યો.

ધર્મ, ભક્તિ, તપ, ત્યાગ અને આરાધના કરતાં કરતાં આજે વિક્રમ સંવત ૨૦૮૧ના વૈશાખ સુદ ૭ તિથિ દિને સાહેબજી દસ, વીસ, પચ્ચીસ રજત વર્ષથી આગળ પચ્ચાસ વર્ષ, સુવર્ણ વર્ષની સિધ્ધિને પાર કરતાં કરતાં આજે સકલ સતાવન પૂર્ણ કરી અઠાવનમા વર્ષમાં મંગળ પ્રવેશ કર્યો છે. આ શુભદિને ગુરૂ ભક્તોની મંગલ ભાવના સહકામના છે કે પૂજ્ય સાહેબજી હીરક વર્ષ, અમૃત વર્ષ પૂર્ણ કરી સર્વોચ્ચ શિખર એવા શતક વર્ષની સિધ્ધિ સફળપણે પામે. પૂજ્ય સાહેબજીને શત શત વંદના.

# પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.નો સંયમ જીવનના ૪૬ વર્ષમાં પ્રવેશ



કચ્છ સાંયરાના માવિત્ર માતુશ્રી નવલબેન વીરચંદભાઈ મોમાયાના ધર્માનુરાગી દીકરી સંયમજીવનએ જ આત્મકલ્યાણનો, માનવ ભવનો મોક્ષ માર્ગ છે એ સમજ રાખીને વિક્રમ સંવત ૨૦૩૬ના વૈશાખ સુદી ૧૩ તિથિ દિને પાલિતાણા તીર્થે પ.પૂ.આ.ભ.શ્રી વિજયયશોભદ્રસૂરિશ્વરજી મ.સા.ના પાવન હસ્તે દીક્ષા સ્વીકારી ગુરુમાતા પ.પૂ.સાધ્વીશ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે નૂતન નામ પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. સ્વીકારી સંયમ જીવનના વિકટ રાહ પર વિચરણનો આરંભ કર્યો.

તપ, ત્યાગ, ધર્મ, ભક્તિ અને આરાધના કરતા ભક્તજનોને કરાવતા આજે વિક્રમ સંવત ૨૦૮૧ના વૈશાખ માસ સુદ તેરસ તિથિ દિને પૂજ્ય સાહેબજી રજત વર્ષને વળોટી ૩૫, ૪૦ ને ૪૫ વર્ષની સીમા પાર કરતાં ૪૬ વર્ષમાં સુખશાતાથી પ્રવેશ કર્યો છે. આ મંગલ પ્રસંગને વધાવતા ગુરૂ ભક્તોની શુભકામના સહ ઉર અંતરની ભાવના છે કે પૂજ્ય સાહેબજી આગળ અવિરત વધતા રહી સુવર્ણ વર્ષ, હીરક વર્ષને અમૃત વર્ષથી પણ આગળ થઈને સર્વોચ્ચ શતક શિખર વર્ષની સિધ્ધિ હાંસિલ કરે એવી શુભેચ્છા સાથે પૂજ્ય સાહેબને શત શત વંદના.

# નલીનપુર નારી નિગમ મહિલા મંડળનો વાર્ષિક સ્નેહસંમેલન યોજાયો





નલીનપુર નારી નિગમ મહિલા મંડળનો વાર્ષિક સ્નેહસંમેલનનો કાર્યક્રમ અર્ચના હોટલ, મુલુંડમાં યોજવામા આવેલ. કાર્નિવલ ક્વિનની વેશભૂષામાં સૌ મહિલા મેમ્બર ખુબ ઉત્સાહપૂર્વક સહભાગી થયેલ.

## અત્યારના સંજોગોને ધ્યાનમાં રાખી નલિયા મધે શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિ ભવન નવી વિંગ તથા ઉપહાર ગૃહના ભૂમિપૂજનનો કાર્યક્રમ હાલે મુલત્વી રખાયો છે

તા.૧૭ મે શનિવારના અગાઉથી નિર્ધારિત કરેલ શ્રી ક.દ.ઓ.જૈન નલિયાવાસી મુંબઈ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા શ્રી ચંદ્રપ્રભ જૈન અતિથિ ભવનની ૧૫ રૂમો અને લિફ્ટ સાથે નવી વિંગની બિલ્ડિંગ તથા નૂતન ઉપહાર ગૃહના ભૂમિપૂજનનો કાર્યક્રમ અત્યારે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુધ્ધ જેવું વાતાવરણ હોવાને લીધે આપનું નલિયા ગામ સરહદી વિસ્તારમાં આવેલુ છે તે લક્ષમાં લેતા અત્યારની પરિસ્થિતિ જોતા કોઈ કાર્યક્રમ યોજ્યા માટે યોગ્ય નથી એ જણાતાં ઉપરોક્ત કાર્યક્રમ હાલે મુલત્વી રાખેલ છે. જેની સૌ કોઈએ નોંધ લેશોજી. એવું શ્રી ક.દ.ઓ.જૈન (નલિયાવાસી) મુંબઈ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા જણાવવામાં આવ્યું છે.

# સંજીવની કેસ નં.૧૮૬ માટે જરૂરી રકમ રૂા.૨.૨૦ લાખ જમા થઈ જતાં ક્રાઉડ ફંડિગ બંધ કરાયું

Samast Mahajan, Sanjivani Initiative

**CASE No.: 186**

**DONATION CLOSED**

**Mrs MANJULA BAKIMCHAND GOSAR**

**Age 63 Yrs., Gandhidham, Baroi**

**Diagnosed to have Triple Vessel disease, ( LMCA) Coronary artery disease.Needs to undergo CABG Surgery.**



**DONATION CLOSED**

**Rs 2.20 Lakh**

**Bank Details:**
**Name:** Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan
**Bank :** Bank of Baroda  Branch : Mulund (West)
**A/c.:** 99630100021765
**IFSC:** BARB0DBMULW  **MICR :** 400012272

**Shri Samast KDO Jain Mahajan Medical Committee**

In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 75060 70851

૬૩ વર્ષીય કચ્છ બારોઈના હાલે ગાંધીધામના શ્રીમતી મંજુલાબેન બંકીમચંદ ગોસરને ટ્રિપલ વેસલ ડિસીઝ એટલે કે ડાબી મુખ્ય કોરોનરી ધમનીનો રોગ હોવાનું નિદાન થયું. જેના ઈલાજ માટે ડોક્ટરોએ CABG સર્જરી કરાવવાની સલાહ આપી.

તેઓ તેમના પુત્ર અને પરિવાર સાથે રહે છે. જે ક્લિયરીંગ અને ફોર્વર્ડિંગ કુંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે જોબ કરે છે. પરિવારનું કોઈ મેડિકલ વીમાનો બેકઅપ નથી. સારવાર માટે અમુક રકમ નજીકના પરિવારજનો અને સંબંધીઓ તરફથી સહયોગ તરીકે મળશે એટલે ખૂટતી રકમ આંશિક ભંડોળ રૂા.૨.૨૦ માટે ગોસર પરિવારે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજના અંતર્ગત મદદ મળે તે માટે અરજી કરી.

સમગ્ર કેસનો અભ્યાસ કરી, ડોક્ટરોનો અભિપ્રાય લઈ આ અરજી માટે જરૂરી રકમ જમા કરવા ક્રાઉડ ફંડિગ ખૂલ્લુ મૂકાયું. જેને ઉદારજનો દ્વારા ઉત્તમ પ્રતિસાદ મળતા નામ માત્ર સમય દરમ્યાન જ જરૂરી રકમ એકત્રિત થઈ જતાં સદર અરજી માટેનું ક્રાઉડ ફંડિગ અટકાવી દેવાયું.

આજ સુધીના દરેક દરેક કેસ અરજીનો ઉકેલ સરળતાથી અને સમયસર રીતે થઈ થયો છે. જેનો બધે બધો શ્રેય વ્યક્તિ દાતાઓ, મહાજનો, એકમો, સંસ્થા, ટ્રસ્ટ અને મંડળોનો છે. આપ સૌની દયાળુ ભાવના, પરોપકાર અને જ્ઞાતિજનોને સહયોગી થવાની ભાવનાની કદર કરી ભૂરી ભૂરી અનુમોદના કરીએ છીએ.

# શાશ્વત ગિરિરાજની તળેટી પરના શ્રી ધર્મનાથ જિન પ્રાસાદની ૫૬મી સાલગરેહ પ્રસંગે ભવ્યતાથી ધ્વજા રોહણ સંપન્ન





ઈ.સ.૧૯૬૯ વિક્રમ સંવત ૨૦૨૫, વીર સંવત ૨૪૯૫ના કચ્છ નલિયાના હાલે માટુંગા શાહ ગોંવિદજી જવેત હીરજી ખોના એ સ્વદ્રવ્યથી સ્વ. શેઠાણી મહેતાબકુમારી જીનેન્દ્ર પ્રાસાદ (બાબુના દેરાસર)ના ટ્રસ્ટ માલિકીની જમીન પર બંધાવીને વહીવટ દેરાસરજીને અર્પણ કરેલ એવા પાલિતાણા તીર્થે શાશ્વત ગિરિરાજની તળેટી ઉપરના પ.પૂ.આચાર્યદેવ ૧૦૦૮ શ્રીમદ વિજય રામચંદ્રસૂરશ્વિરજી મહારાજના હસ્તે પરિકર સાથે પ્રતિષ્ઠા થયેલ જેમાં કુટુંબના સભ્યોએ કુલ્લ ૧૧ પ્રતિમાઓ પ્રતિષ્ઠિત કરેલ તે ઉપરાંત સને ૧૯૯૩માં પૂ.આ.શ્રી રામચંદ્રસૂરિશ્વરજી મહારાજા સાહેબની ગુરૂમૂર્તિની તળેટીથી દર્શન થાય તેમ પ્રતિષ્ઠા થયેલ એ શ્રી ધર્મનાથ પ્રભુના દેરાસરની ૫૬મી સાલગરેહ પ્રસંગે ધ્વજારોહણ તા.૩ મે શનિવારના રોજે શા.ગોંવિદજી જેવત ખોના પરિવારે ભવ્યતાથી ઉજવણી ધર્મ આરાધના સાથે કરી હતી.

સને ૧૯૬૯ વૈશાખ સુદ ૭ના દેરાસરમાં પ્રભુજીની પ્રતિષ્ઠા પ્રસંગે પૂ.આચાર્ય શ્રી રામચંદ્રસૂરી મહારાજાની નિશ્રામાં દાયકાનો મોટો છરી પાલિત સંઘ મુંબઈથી ખંભાત અને ખંભાતથી પાલિતાણાનો કાઢેલ હતો.

---

# યુદ્ધ પરિસ્થિતીમાં અબડાસાના કેડીઓ કુટુંબો માટે અમદાવાદ કેડીઓ મહાજનમાં આશ્રય સ્થાન

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિના જ્ઞાતિજનોની સુરક્ષા માટે શ્રી કેડીઓ મહાજન, અમદાવાદનો પ્રતિબદ્ધ પ્રયાસ.

ભારત-પાકિસ્તાન  વચ્ચે યુદ્ધ જેવી પરિસ્થિતિ ઊભી થઈ છે અને તેની અસર કચ્છ જિલ્લાના અબડાસા તાલુકામાં જોવા મળે, તેવી સંભાવનાને ધ્યાનમાં રાખી શ્રી કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ તરફથી અમદાવાદમાં આશ્રયની વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

અબડાસા તાલુકાના વિવિધ ગામોમાં વસવાટ કરતા કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિના જ્ઞાતિજનો આ સંકટકાળ દરમ્યાન સુરક્ષિત રહે તે હેતુથી શ્રી કેડીઓ મહાજન, અમદાવાદ દ્વારા ખાસ આયોજન કરવામાં આવ્યું છે.

વધુ માહિતી નીચેના સભ્યોનો સંપર્ક કરી શકશો. રાજેશ ધરમશી-૯૯૨૫૦૩૮૮૯૬, કેતન લોડાયા-૯૯૯૮૦૧૧૧૫૯, સંજય છેડા-૯૮૨૫૩૦૭૯૧૦.

તમારો સહયોગ આપશો અને આ માહિતી જ્ઞાતિજન સુધી પહોંચાડશો તેવી વિનંતી.

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, અમદાવાદ તરફથી કરાઈ છે.

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા સન્માન અને સેવા કાર્ય















શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુરની ટીમ પહલ-A રિટર્ન ગિફ્ટને તા.૦૩-૦૫-૨૦૨૫ના દિવસે ત્રણ વર્ષ પૂર્ણ કરેલ. ટીમ દ્વારા છેલ્લા ત્રણ વર્ષોથી રોડ પર રખડતા પશુઓની ભૂખ, પ્યાસ શાંત કરવાની કોશિશ કરવામાં આવે છે. ગૌવંશ માટે રોટલી, ચોકર, લીલી ભાજી, કોટના (જેમાં ગોવંશને ઘાસચારા દેવાનું પાત્ર) કૂતરાઓ માટે બિસ્કિટ, પક્ષીઓ માટે ચણ, સકોરેની વ્યવસ્થા અને પર્યાવરણ બચાવવા માટે વૃક્ષ અને જૂટ બેગનું વિતરણ કરવામાં આવે છે.

આ સર્વે કાર્યોને પૂર્ણ કરવા માટે ઘણા લોકોનું સહયોગ પ્રાપ્ત થયેલ છે. તે બદલ સહયોગી દાતા પરિવાર શ્રી નિતેશ ઉમરશીભાઈ મૈશેરી અને શ્રી કપિલ નારાયણજીભાઈ મૈશેરી, રાયપુર (છત્તીસગઢ)ની અનુમોદના સહ આભાર વ્યક્ત કરવામાં આવેલ.

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા સન્માન અને સેવા કાર્ય















KDO

## શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન,
## મેડિકલ સમિતિ



KDO
SANJIVANI

# કેડીઓ સંજીવની

### માટેની વિગતવાર માહિતી માટે તથા મેડિકલ સહાય માટે

### સંપર્ક:

| | |
|---|---|
| મનીષા શાહ | 98695 76527 |
| ડો. ધારિણી નાગડા | 98197 22300 |
| ભરત મૈશેરી | 98200 58048 |
| રમેશ મોતા | 98196 55259 |

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી મે-જૂન માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા.૦૭ થી ૧૧ મે ૨૦૨૫ | શ્રી શત્રુંજય એકેડમી આયોજિત ૧૫ થી ૩૦ વર્ષની બહેનો માટે શ્રી મુક્તિ જય ગુણ સંસ્કાર શિબિરઃ શ્રી વિમલનાથ નવગ્રહ ધ્યાનાલય, દેવલાલી |
| તા.૧૮ મે ૨૦૨૫ | જ્ઞાતિ ચિંતન શિબિર, શ્રી કચ્છી ભવન, ૪૪ બી, મેઈન રોડ, જે.પી.નગર, ફેસ ૩, મીની ફોરેસ્ટ સામે, બેંગલોર |
| તા.૨૪ મે ૨૦૨૫ | કચ્છની મોટી પંચતીર્થીના પ્રવેશદ્વાર શ્રી સાંધાણ તીર્થે-શ્રી શાંતિનાથ પ્રભુના જન્મ અને મોક્ષ કલ્યાણકની ઉજવણી |
| તા.૨૫ મે ૨૦૨૫ | કચ્છની મોટી પંચતીર્થીના પ્રવેશદ્વાર શ્રી સાંધાણ તીર્થે-શ્રી શાંતિનાથ પ્રભુના દિક્ષા કલ્યાણકની ઉજવણી |
| તા.૦૧ જૂન ૨૦૨૫ | શ્રી અનંતનાથજી ટ્રસ્ટ તથા મુંબઈ મહાજન પ્રેરિત અનંત માર્ગ દર્શન દ્વારા ધો. ૧૦-૧૨ના વિદ્યાર્થીઓ માટે કેરીયર પ્લાનીંગ સેમીનાર સવારે ૧૦.૦૦ થી બપોરે ૧.૦૦ મુંબઇ : રજીસ્ટ્રેશનઃ ૮૧૬૯૨૪૪૯૭૫ |

## શ્રી કે.ડી.ઓ. મંડળ ડોંબિવલી આગામી કાર્યક્રમો

| | |
|---|---|
| રવિવાર, તા. ૧૮ મે ૨૦૨૫ | સંવત ૨૦૮૧, વૈશાખ વદ-સાતમ (૭),આધાર, પેન, વોટિંગ કાર્ડ માટે કાર્યક્રમ |
| રવિવાર, તા. ૦૮ જૂન ૨૦૨૫ | સંવત ૨૦૮૧, જેઠ સુદ - તેરસ(૧૩), નોટબુક, સ્કૂલ યુનિફોર્મ, સ્ટેશનરી, દફતર વિતરણ શૈક્ષણિક કાર્યક્રમ સવારના ૧૦ કલાકેથી માધવાશ્રમ હોલ. |
| રવિવાર, તા. ૦૬ જૂલાઈ ૨૦૨૫ | સંવત ૨૦૮૧, અષાઢ સુદ - બારસ(૧૨),સાંસ્કૃતિક કાર્યક્રમ |
| શુક્રવાર, તા. ૧૫ ઓગસ્ટ ૨૦૨૫ | સંવત ૨૦૮૧, શ્રાવણ વદ - સાતમ(૭), મંડળની સ્થાપના દિવસ નિમિત્તે શ્રી મહાકાળી માતાજીની ભકિત અને AGM મંડળના કાર્યાલયમાં |
| શનીવાર, તા. ૦૬ સપ્ટેમ્બર ૨૦૨૫ | શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ ડોંબિવલી દ્વારા આયોજિત સંવત, ૨૦૮૧, ભાદરવા સુદ પૂનમ(૧૫)ના શ્રી મહાકાળી માતાજીની ભાવના બપોરના બે ચોત્રીસ (૨-૩૪) કલાકેથી હોરાઈઝન હોલ ડોંબિવલી(પૂર્વ). |
| રવિવાર, તા. ૦૭ સપ્ટેમ્બર ૨૦૨૫ | શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ ડોંબિવલી દ્વારા આયોજિત સંવત, ૨૦૮૧, ભાદરવા વદ એકમ (૧), સવારના નવ છત્રીસ (૦૯-૩૬) કલાકેથી સ્નેહ મિલન,સાધર્મિક ભક્તિ સહ તપસ્વીઓનું બહુમાન હોરાઈઝન હોલ ડોંબિવલી(પૂર્વ). |
| શુક્રવાર, તા. ૧૯ સપ્ટેમ્બરથી ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૫ | શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ ડોંબિવલી દ્વારા આયોજીત સવંત ૨૦૮૧, ભાદરવા વદ તેરસ(૧૩),પંચતીર્થી ચૈત્ય પરિપાટી યાત્રા પ્રવાસ. |



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● સરહદી ખડીરને તાલુકા મથકથી જોડતા એકલ-બાંભણકા માર્ગનું કામ ચાલુ છે. ત્યારે વાગડ માટે મહત્વનો એવો માર્ગ કચ્છ અને વાગડને સૌરાષ્ટ્ર સાથે જોડતો શોર્ટકટ પલાંસવા ટીકર માર્ગ આડેનો અવરોધ દૂર થયા હોવાના સુખદ સમાચાર સાંપડી રહ્યાં છે. કચ્છના ઘુડખર અભ્યારણ્ય એવા નાના રણમાંથી પસાર થતો આ પ્રસ્તાવિત મહત્વાકાંક્ષી રસ્તાની મંજૂરીની ફાઈલ અટવાયેલી પડી હતી. તેનું નિરાકરણ થયું હોય તેમ ૪૨.૫ કિલોમીટરના આ વાગડના વિકાસની ઘોરી નસ સાબિત થનારા માર્ગ માટે રાજ્ય સરકાર દ્વાર પ્રી-કન્સ્ટ્રક્શન કામગીરી માટે ૨૦ કરોડ જેટલી માતબર રકમની સૈધ્ધાંતિક મંજૂરી આપી દેવાઈ છે.


● અબડાસા તાલુકાના મુખ્યમથક નલિયા ખાતે આવેલા એકમાત્ર સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને તેની ઈમારતની સમસ્યા અંગે લાંબા સમયથી ફરિયાદો ઊઠી રહી હતી તે નિવારવા આખરે નવું બિલ્ડિંગ બનાવવા માટે રૂા. છ કરોડની રકમ ફાળવવામાં આવી છે. ૪૦ વર્ષ પહેલાં ૧૯૮૪માં નિર્માણ પામેલ આરોગ્ય કેન્દ્રનું બિલ્ડિંગ ક્ષતિગ્રસ્ત હોવાથી નવેસરથી બાંધકામ કરવું જરૂરી બન્યું હોવાથી નવા બિલ્ડિંગ કામ માટે ટેન્ડર પ્રક્રિયા પણ પૂર્ણ કરી દેવાઈ છે.

● અબડાસા તાલુકાનું જખૌ ગામ રાજાશાહી વખતમાં નગરપાલિકા તરીકે ઓળખાતું હતું. પણ સમય અને સંજોગો બદલાતા હાલ જખૌ ગામ ગ્રામ પંચાયતમાં ફેરવાઈ ગયું છે. જાહોજલાલી સમયકાળમાં અહીં ન્યાય કોર્ટ, કસ્ટમ વિભાગ, સ્થાનિક પોલીસ, મરીન પોલીસ જેવી અન્ય સરકારી કચેરીઓ ધમધમતી હતી અને મોટી મોટી કંપનીઓની કચેરીઓ કાર્યરત હતી. તે સમયે જખૌ દરરોજની લાખો રૂપિયાની આવક ધરાવતું હતું. ૪૦ થી ૪૫ હજાર તે વખતે વસતી હતી જે આજે ઘટીને છ હજારની રહી છે. ભારતના ભાગલા થયાં તે પહેલાં જખૌ બંદરેથી વહાવટાથી વેપાર કારોબાર ધમધમતો હતો. મુંબઈ, કરાંચી, કલકતા, મદ્રાસ, કોચીન, બસરા મસ્કત, દુબઈ અને ઝાંઝીબાર સહિતના દેશના બંદરો સાથે સીધો દરિયાઈ કારોબાર સ્થાપિત હતો. લાકડાના મોટા બેન્સા હતા. અહીં જૈનોની પંચતીર્થી પૈકી એક તીર્થ શ્રી રત્નટૂંક જૈન દેરાસર ૧૮૦ વર્ષ પૌરાણિક  જે આગવી શૈલી ધરાવે છે. સનાતન ધર્મના હરિહર સંપ્રદાયના સંત ઓધવરામજીની જન્મભૂમિ જખૌ છે. અહીં તેમના જન્મ સ્થળનું સ્મરણીય મકાન અને તેના જૂના મંદિરની બાજુમાં મોટા નૂતન મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા હાલમાં જ ભવ્યાતિ ભવ્ય રીતે સંપન્ન થઈ.

● મિનિસ્ટ્રી ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ભારત સરકાર દ્વારા સંચાલિત બેઝિક કેમિકલ્સ, કોસ્ટમેટિક તથા ડાઈઝ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ કેમેક્સીલ દ્વારા આરતી ઈન્ડસ્ટ્રીઝના સંસ્થાપક મૂળ માંડવી તાલુકાના નાના ભાડિયાના ચંદ્રકાંત ગોગરીને વિઝનરી લિડર તથા સમાજસેવક તરીકે લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડથી નવાજ્યા છે. ૧૯૭૫માં શરૂ કરેલ આરતી ઈન્ડસ્ટ્રીઝને પોતાના જ્ઞાન, ધગશ, નિર્ણય શક્તિ અને ટીમ વર્કથી ભારતની ટોપ ટેન ઈન્ડસ્ટ્રીઝ પૈકી એકના સ્થાને પહોંચાડી છે. ઔદ્યોગિક સફળતાની સાથે તેમણે ગાંધીજીના ટ્રસ્ટી શિપના સિધ્ધાંતને આત્મસાત કર્યો છે. દેશના અનેક રાજ્યોમાં જ્યાં કોઈ ન પહોંચે એવા ગ્રામીણ કે આદિવાસી વિસ્તારોમાં શિક્ષણ, જળ સંચય, આરોગ્ય, આજીવિકા ઈત્યાદી ક્ષેત્રે આરતી ઈન્ડસ્ટ્રીઝ પરિણામ લક્ષી સેવા કાર્યો કરી રહી છે.

● કચ્છને રાજસ્થાન સાથે સાંકળતી ત્રણ ટ્રેન પૈકી એક દૈનિક, એક ત્રણ વખત અને એક અઠવાડિયામાં બે વખત છે. પરંતુ વિવિધ સંસ્થાઓની રજૂઆતને પગલે ગાંધીધામ જોધપુર ટ્રેન અઠવાડિયા ત્રણ વખતને બદલે દૈનિક દોડાવવા રેલવે બોર્ડએ મંજૂરી આપી છે. નવી સમય સારણી મુજબ ગાંધીધામથી રાત્રીના ૧૧.૫૫ વાગ્યે રવાના થઈ સવારે ૯.૩૫ જોધપુર પહોંચશે પરતમાં જોધપુરથી રાત્રે ૮.૫૦ વાગ્યે રવાના થઈ સવારે ૬ કલાકે ગાંધીધામ પહોંચશે.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**દિનેશભાઈ ખોના**
તા.૬ મે (ઉ.૭૦)
જખૌ-મુલુંડ



**લલિતભાઈ લાપસીયા**
તા.૭ મે (ઉ.૭૨)
સુથરી-જલગાંવ





**ચિંતનભાઈ મોમાયા**
તા.૧૧ મે (ઉ.૪૯)
ડુમરા-મુલુંડ



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

## જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

ARIHANT BANK

SHRI ARIHANT CO-OP. BANK LTD.

# Watch your savings grow, effortlessly.

FIXED DEPOSIT

720 Days

RATE OF INTEREST

*7.85% per annum

For General Public

*8.35% per annum

For Senior Citizens

STAMP FRANKING

Now Available

*Terms & conditions apply

Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083

| | | | | | |
|---|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 | |
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

SADA AAPKE SANG, ARIHANT

For More Details, Call Nearest Branch or

Toll Free : 1800 221 984

Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)



www.arihantbank.com

@ Arihant Bank